ઠક્કર બાપા

એકોતેરમા જન્મદિન તા. ૨૯–૧૧–'૩૯ના ઉત્સવ પ્રસંગે

શ્રી. અમૃતલાલ વિઠ્ઠલદાસ ઠક્કરનો આછો જીવનપરિચય

શ્રી. હરિજન સેવક સંઘ, દિલ્હી તરફથી લેખક : ઝવેરચંદ મેઘાણી



ચાર આના

ઠક્કર બાપાની ભૂમિકાઓ



ભાવનગર ખાતે
કુટુંબજીવનમાં
૧૮૯૨ના
અરસામાં

કાઠિ.નાં જુદાં
જુદાં રાજ્યોમાં
ઇજનેર ૧૮૯૯
ના અરસામાં





આફ્રિકામાં
યુગાન્ડા રેલ્વેના
ઇજનેર
૨૫-૭-૧૯૦૧

તાતા કું. ની
મજુરસેવામાં
જમશેદપુર
૨૭-૧૧-૧૯૧૯



ઠક્કર બાપા

[આછો જીવનપરિચય]

તા. ૨૯ : ૧૧ : ૧૯૩૯ : એમના એકોતેરમા જન્મ-
દિનના રાષ્ટ્રવ્યાપી ઉત્સવ પ્રસંગે વિનયયુક્ત અંજલિ

: લેખક :
ઝવેરચંદ મેઘાણી

: પ્રકાશક :
શ્રી. શ્યામલાલ
હરિજન નિવાસ, કિંગ્સવે : દિલ્હી

મૂલ્ય ચાર આના

નિવેદન

બાપાના ઠક્કર કુટુંબ પાસેથી ભાવનગર જઈ કઢાવેલાં સંસ્મરણોનું, તેમની પાસેથી મળેલા પત્રવ્યવહારનું, અને શ્રી. બલવંતરાય મહેતાએ દિલ્હીમાં બાપાના શ્રીમુખેથી સાંભળીને મને લખી મોકલેલ મહામૂલી વાતોનું ગૂંથણુ કરીને ઉતારેલી આ આછી જીવન-કથા છે. એ લેખનકાર્યનું પુન્ય મને લેવરાવવા બદલ દિલ્હી હરિજન સેવકસંઘ વાળા શ્રી. શ્યામલાલજીનો, ડૉ. કેશવલાલ ઠક્કરનો અને સ્નેહી કપિલ ઠક્કરનો હું ઋણી છું.

જીવતા કો' મહાકાવ્યની ગાથા સમી, આ મૂંગા માનવ–સેવકના ભવ્ય જીવનસમર્પણની એકેએક સ્મૃતિ ગૂજરાતની યુવાન અને કિશોર પ્રજા પાસે ધરવાનો સમય થઇ ગયો છે પણ એવું વિસ્તૃત ચરિત્ર લખવાના અધિકારી થતા પહેલાં લેખકે બાપાનો સુદીર્ઘ સંપર્ક સાધવો જોઇએ તેમજ બાપાના કુડીબંધ કાર્યકરોનાં લમણાં નીચોવવાં જોઇએ. એ સૌભાગ્ય અત્યારે તો નથી. ભવિષ્યમાં તો જેવું અન્નજળ!

જૂનાં સંસ્મરણોની માફક, પ્રાણપણે જાળવી રાખેલી જૂની તસ્વીરો પણ કાઢી આપવા બદલ ઠક્કર કુટુંબના આપણે આભારી છીએ.

આ જીવનપરિચયમાં એક હકીકતનો નિર્દેશ રહી ગયો છે. કેટલાંય વર્ષોથી બાપા પોતાના પ્રત્યેક દિવસની વિગતવાર રોજનીશી રાખે છે. આમાંની વહેલાંની કેટલીક તો હાથ લાગતી નથી, પણ છેલ્લાં વીશેક વર્ષની મને બાપાના કાર્યકરોએ મેળવી આપી છે. એ રોજનીશી એટલે બાપાના દમેદમ જીવનકાર્યની, બાપાનાં બારીક મનોમંથનોની, હર્ષ અને વેદનાઓની, સ્વભાવની અને ઘડતરની રસભરી ને હેરતભરી તવારીખ: એ વાંચતાં વાણી વિરમે છે.

આ પુસ્તિકાને સુશોભિત બનાવવા છતાં તેની સાવ હળવી કિંમત રાખી, તેમાં રહેનારો જુજ જે નફો, તે પ્રકાશકે બાપાની 'થેલી'માં જ નાખવાનું જાહેર કર્યું છે. એટલે લેખકની લખાવટ તરફ નહિ પણ 'બાપા–થેલી' તરફ નજર રાખીને ગુર્જર પ્રજાજનો બહોળી સંખ્યામાં આ પુસ્તિકાને ઉપાડે એવી અભ્યર્થના છે.

આ રંક પુસ્તિકા બાપાની આકરી અગ્નિપરીક્ષાને પાર કરનારા, ભિન્નભિન્ન કર્મક્ષેત્રોમાં દટાયેલા, તેમના સમસ્ત કાર્યકરોના વૃંદને અર્પણ છે.

રાણપુર તા. ૨૦ : ૧૧ : '૩૯ — ઝવેરચંદ મેઘાણી

જીવનયાત્રાના સીમાસ્તંભો

૧૮૬૯ : ભાવનગરમાં જન્મ.

૧૮૮૭–૯૦ : પૂના એન્જીનિયરીંગ કૉલેજમાં અભ્યાસ અને એલ્. સી. ઈ. ની પરીક્ષા પસાર કરી.

૧૮૯૧-૯૯ : બારસી, બી. જી. જે. પી. રેલ્વે, વઢવાણ અને પોરબંદર રાજ્યમાં નોકરી.

૧૮૯૯–૧૯૦૨ : ઈસ્ટ આફ્રિકા, યુગાન્ડા રેલ્વેમાં ત્રણ વર્ષ નોકરી.

૧૯૦૪–૫ : એન્જીનિયર, સાંગલી સ્ટેટ.

૧૯૦૫ : મુંબઈ મ્યુ. માં રોડ-એન્જીનિયર.

૧૯૦૯–૧૩ : શ્રી. વી. આર. શીંદે, શ્રી. દેવધર દાદા, પ્રો. કર્વે અને ડીપ્રેસ્ડ કલાસ મીશન સોસાયટી તેમ જ સર્વન્ટસ ઓફ ઈન્ડીઆ સોસાયટી સાથેનો સંપર્ક–સમય.

૧૯૧૩ : પિતાનું અવસાન.

૧૯૧૪ : સર્વન્ટ્સ ઓફ ઇન્ડીઆ સોસાયટીમાં આજીવન સભ્ય તરીકે જોડાયા : તા. ૯–૨–૧૯૧૪. યુક્ત પ્રાંતમાં દુષ્કાળ રાહતકાર્ય.

૧૯૧૫ : મુંબઈમાં ભંગીઓની કેટલીક સહાયકારી મંડળીઓ પર દેખરેખ રાખી અને મુંબઈ તેમ જ અમદાવાદમાં મજૂરવર્ગનાં બાળકો માટે શાળાઓ શરૂ કરી.

૧૯૧૬ : કચ્છમાં દુષ્કાળ રાહતકાર્ય.

૧૯૧૭ : મુંબઈ કાઉન્સીલની બીન–અમલદારી સભ્યોની સમિતિના મંત્રીપદે: શ્રી. વિઠ્ઠલભાઈ પટેલના ફરજિયાત શિક્ષણના ખરડા માટે કામકાજ.

૧૯૧૮ : મુંબઈ ઇલાકામાં પ્રાથમિક શિક્ષણ માટે કામકાજ. ખેડા જીલ્લાના ખેડુતોની સ્થિતિતપાસ.

૧૯૧૯ : જમશેદપુરમાં મજૂર પ્રવૃત્તિ.

૧૯૨૦ : પુરી (ઓરિસા)માં દુષ્કાળ રાહતકાર્ય.

૧૯૨૧ : કાઠિયાવાડમાં ખાદીકામ.

૧૯૨૨ : પંચમહાલમાં દુષ્કાળ રાહતકાર્ય.

૧૯૨૩–૨૫ : પંચમહાલમાં ભીલ સેવા અને અંત્યજ સેવા મંડળની શરૂઆત અને વિકાસ.

૧૯૨૬ : ભાવનગર પ્રજાપરિષદના પ્રમુખ : અખિલ હિંદ રાજસ્થાન પ્રજાપરિષદના મંત્રી. ભીલ વિસ્તારમાં છાત્રાલયો અને દિવસ–શાળાઓમાં સ્કાઉટ પ્રવૃત્તિ દાખલ કરી.

૧૯૨૭ : ગુજરાત અને સિંધમાં રેલસંકટ નિવારણ કામ પોરબંદરમાં, કાઠિયાવાડ રાજકીય પરિષદના પ્રમુખપદે. પંચમહાલ જીલ્લામાં સ્કાઉટ રેલી વ્યવસ્થિત કરી.

૧૯૨૮ : બારડોલી સત્યાગ્રહમાં તપાસ. અખિલ હિંદ રાજસ્થાન પ્રજાપરિષદ તરફથી નીમાયેલ પતિયાળા તપાસસમિતિના સભ્ય અને પ્રમુખ. પંજાબ રાજસ્થાન પ્રજાપરિષદના પ્રમુખ. ગુજરાતની મ્યુનિસિપાલિટીઓની તપાસ.

૧૯૨૯ : આસામ, રેલ–સંકટ નિવારણ.

૧૯૩૦ : ભીલ સેવા પ્રગતિ; પછાત વર્ગો માટે કૂવા. ગુજરાતમાં ઝાલોદ અને મહુધાના મ્યુનિસિપલ ભંગીઓ માટે સહાયકારી મંડળીઓ. નડીઆદમાં ભંગીઓ માટે ધર્મશાળા.

દારૂની દુકાન પર પીકેટીંગ કરવાના ખોટા આરોપસર ૭ માસની સજા. બે માસ બાદ મુક્ત.

૧૯૩૧ : બોરસદમાં સ્ત્રીઓ પરના પોલીસ અત્યાચારોની તપાસ.

૧૯૩૨ : ભીલ અને હરિજન સેવા. નડીઆદ અને ઝાલોદમાં ભંગી સહાયકારી મંડળીઓ. ભીલ વિસ્તારમાં વાર્ષિક મેળા. દોહદમાં સ્વદેશી લીગ.

પૂના પેકટ : દલિતવર્ગની વસ્તીના આંકડા, આગામી બંધારણમાં દલિતવર્ગની બેઠક વગેરેના આંકડા પૂરા પાડયા અને પૂના પેકટની મંત્રણાઓમાં ભાગ લીધો. હરિજન સેવકસંઘના મુખ્ય મંત્રી નિમાયા.

૧૯૩૩ : ગાંધીજી સાથે જુદા જુદા પ્રાંતોમાં હરિજન પ્રવાસ.

૧૯૩૪ : ગાંધીજી સાથે હરિજન પ્રવાસ. (છ માસમાં ૧૨,૫૮૪ માઈલ.) પ્રાંતોમાં હરિજન કાર્ય વ્યવસ્થિત કર્યું. હરિજન કાર્ય માટે ફંડ. હરિજન પ્રવૃત્તિ વ્યવસ્થિત કરવા પ્રાંતોનો પ્રવાસ.

૧૯૩૫ : હરિજન કાર્ય અંગે મદ્રાસ ઈલાકામાં પ્રવાસ. આસામમાં પ્રવાસ અને જંગલી જાતિઓના ઉદ્ધારકાર્યની શરૂઆત.

૧૯૩૬ : આંધ્રમાં પ્રવાસ. ત્રાવણકોર, રજપુતાના અને ઓરિસ્સામાં હરિજન પ્રવાસ.

૧૯૩૭ : રજપુતાના, યુક્ત પ્રાંત, બિહાર, આસામ, મહારાષ્ટ્ર અને હૈદ્રાબાદ સ્ટેટમાં હરિજન કાર્ય અંગે પ્રવાસ.

છ મહાસભાવાદી પ્રધાનમંડળો પાસે મૂકવા હરિજન ઉદ્ધારની યોજના તૈયાર કરી.

ગ્વાલિયર અને મધ્યહિંદમાં પ્રવાસ. શ્રીમતી રામેશ્વરી નહેરૂ સાથે કાઠિયાવાડમાં.

૧૯૩૮ : ઓરિસ્સામાં પ્રવાસ. ઉત્તર આસામમાં રેલ સંકટ નિવારણ કાર્ય. મધ્ય હિંદનાં રાજસ્થાનો, અને દક્ષિણ રજપુતાનામાં શ્રીમતી રામેશ્વરી નહેરૂ સાથે પ્રવાસ.

મધ્ય પ્રાંતની સરકાર તરફથી નિમાયેલ મ્યુ.ના ભંગીઓની તપાસ સમિતિ તથા ઓરિસ્સા સરકાર તરફથી અર્ધ–પ્રતિબંધિત પ્રદેશોની તપાસસમિતિના પ્રમુખ નિમાયા.

૧૯૩૯ : મુંબઈ સરકાર તથા ગાંધીજીની સૂચનાથી પશ્ચિમ ખાનદેશમાં ભીલ ઉદ્ધારકાર્ય વ્યવસ્થિત કર્યું.

કેટલાક પ્રાંતોની જંગલી જાતિઓના પ્રશ્નોનો અભ્યાસ.

તાલ્ચેરના હિજરતીઓ માટે રાહતકાર્ય.

દિલ્હીમાં, હરિજન નિવાસનાં મકાનોના વિસ્તાર કામ પર દેખરેખ.

બંગાલ, બિહાર, ઓરિસ્સા, આસામ અને સંયુક્ત પ્રાંતમાં હરિજન તથા જંગલી જાતિઓના કાર્ય માટે પ્રવાસ.


બિહાર સરકારના સૂચનથી બિહારની જંગલી જાતિઓ તથા હરિજન ઉદ્ધારની યોજના તૈયાર કરી.

તા. ૨૯ નવેમ્બરના રોજ સિત્તેર વર્ષ પૂરાં

આ પુસ્તિકા મળવાનાં ઠેકાણાં :—

૧. કાઠિ. હરિજન સેવાસંઘ, રાજકોટ
૨. ફુલછાબ, રાણપુર
૩. હરિજન આશ્રમ, સાબરમતી
૪. ભીલ સેવામંડળ, દોહદ

મુદ્રક : મનુભાઈ અમૃતલાલ શેઠ : સ્વાધીન મુદ્રણાલય : રાણપુર (બી. એસ. રેલ્વે, કાઠિયાવાડ)



ઠક્કર બાપા

એમના હૃદયમંથન અને આત્મસમર્પણનો આછો ઇતિહાસ

મુંબઈના પાલવા બંદર પર આજે જ્યાં આકાશની સાથે વાતો કરતો ઉન્નત "હિન્દનો દરવાજો" ઊભો છે, ત્યાં આજથી પચીસેક વર્ષ પૂર્વે કદરૂપાં કોરૂગેટેડ પતરાનું નાનું છાપરું હતું. પરંતુ મહાસાગર તો એનાં એ જ નીલામ્બરે ભરેલો હતો, મોજાંના કંઠમાં પણ એનું એ જ અવિરત ઈશ્વર-સ્તોત્ર છલ છલ સૂરે રટાતું હતું. દેશી વિદેશી જહાજો અને જળ-સુંદરી શી વિહાર-નૌકાઓ પણ એની એ જ આસાનીથી સાગરખોળે ખેલતી અને ગેલતી હતી. પંથભૂલ્યાં વહાણોને ચેતવણી દેતી દીવાદાંડી પણ જૂની નહોતી. હા, આજના ઠંડા વીજળી-દીવાને સ્થાને ધગધગતી ગેસ-લાઇટો ત્યાં ખારાં પાણીમાં પોતાનાં પ્રતિબિમ્બો પાડતી શીતળતા પામવાનો નિષ્ફળ પ્રયત્ન કરતી હતી.



પચીસ-છવ્વીસ વર્ષની એક સંધ્યાએ એ કોરૂગેટેડ પતરાના છાપરા નીચે, એક બાંકડા ઉપર, બે પુરુષો બેઠા હતા. એકની હશે તેતાલીસ વર્ષની ઉંમર, બીજાની અંદાજ બત્રીસ વર્ષ. નજીક જનારને એમ ન લાગે કે બેઉ વાતો કરે છે. વાતો કરવાની એ બેઉની ઢબ જ મૌનપ્રધાન હતી. મોટેરાના અંતરમાં મૌનપ્રેરક માનસિક ભાર હતો. નાનેરાના મનમાં મોટા પ્રત્યે એવો એક વિનય હતો, કે જે બે સગા ભાઈઓની વચ્ચે જગતમાં ઝાઝો જોવા મળતો નથી.

છતાં એ બન્ને એક જ માના જણ્યા સગા ભાઈઓ હતા. નીચું નિહાળી રાખીને અને અધમીંચેલી આંખે, પ્રશાંત સાદે અને સહેજ મલકાતા લાગે તેવા અનુત્તેજિત ચહેરે વાતો કરવાની આ બે ભાઇઓ વચ્ચેની છટા, પાલવા સરીખા, કૈંક પ્રણયી યુગલોના તેમજ લ્હેરખડા દોસ્તો-સ્વજનોના મોકળા અને હળવાફૂલ ઉપહાસ-પરિહાસોના સાક્ષીને, જાણે નવાઈમાં નાખી દેતી હોયને તેવું લાગે.

"પાંચેક વર્ષ જાળવી જાઓ તો શું ખોટું છે?" નાનાએ લાંબી વારનું મૌન છોડીને કહ્યું; "પાંચ વર્ષે તમારી નોકરીનાં પંદર વર્ષ પૂરાં થઈ રહેશે. પંદર વરસે તમને ત્રીજા ભાગનું પેન્શન મળશે અને પછી તમને સેવા કરવામાં કોઈની ઓશિયાળ નહિ રહે."

"પાંચ વર્ષ!" મોટેરા ભાઈએ પોતાની સામેના મંદ મંદ કમ્પાયમાન મહાસાગરના જેવા જ મંદ સ્વરે જવાબ વાળ્યો—અથવા એમ કહીએ કે આત્મચિંતન કર્યું; "પાંચ વર્ષમાં તો કેટલું કામ થઈ શકે! પાંચ વર્ષ સુધી જીવતા હઈશું કે કેમ તે પણ કોણ કહી શકે? પાંચ વર્ષની રાહ જોવાનું હવે તો અશક્ય છે. સંકલ્પ કર્યા પછી છ વર્ષ સુધી મેં સબૂરી ધરી. કારણ કે પિતાના દિલને દૂભવવું નહોતું. હવે તો પિતા ચાલ્યા ગયા છે. હવે પાંચ વર્ષનો કાળ ગુમાવવો નથી."

છેલ્લો સંકલ્પ

ઈ. સ. ૧૯૧૩ની એક ગંભીર સંધ્યાએ બનેલા આ બનાવની યાદદાસ્તને તાજી કરતા એ નાના ભાઈ આજે ભાવનગરમાં ઓગણસાઠ વર્ષની ઉમ્મરે ચાર છ દેશી રાજ્યોના નિવૃત્ત તબીબી અધિકારી ડૉ. કેશવલાલ ઠક્કર નામે પ્રખ્યાત છે; ને જે અદાથી પચીસ વર્ષ પૂર્વે એ પાલવા બંદર પરની સાંજરે બોલ્યા હશે તે જ ગંભીર અદાથી આ પ્રસંગને વર્ણવતા પોતે કહે છે કે, 'મારી એ તમામ સમજાવટની સામે અમૃતલાલભાઈની તો ફક્ત એક જ દલીલ હતી કે 'પાંચ વર્ષની કોને ખબર! પાંચ વર્ષમાં તો કેટલું કામ થઈ શકે!' "

તે દિવસના અમૃતલાલભાઇ એ પોતે જ આજના આપણા 'ઠક્કરબાપા.' આજ સિત્તેર વર્ષની જૈફ ઉમ્મરે, શ્વેત રૂપેરી વાળથી વિભૂષિત એ સાધુમૂર્તિની કદાવર (અને અવિશ્રાંત મહેનતે તેમ જ અવારનવારની માંદગીએ ઢીલા પાડેલા સ્નાયુઓ વાળી તોયે લાલઘૂમ) કાયાને જેમણે જોઈ હશે, તેમને અનુમાન આવી શકશે કે પાલવા બંદર પરની એ સંધ્યાએ આત્મવિસર્જનના સંકલ્પની આખરી મેખ મારતો એ દેહ કેટલો યૌવનમય અને પડછંદ હશે!

તે દિવસનો એમનો નિરધાર શાનો હતો? સંસારી જીવન ત્યાગીને હિન્દની સેવા કરતી એક સંસ્થામાં દીક્ષિત બનવાનો. એ સંસ્થા તે સ્વ. દેશભક્ત ગોખલેજીની સ્થાપેલી 'સર્વન્ટસ ઓફ ઇન્ડિયા સોસાઇટી' જેને આજે આપણે 'હિન્દ સેવક સમાજ' એ નામે ઓળખીએ છીએ. સમસ્ત હિન્દના કોઇ પણ ખૂણામાં પડતી કોઈ પણ આપત્તિ-વેળાએ, દેશના કોઈ પણ પ્રદેશમાં સબડતાં પતિતો, દલિતો, દુકાળિયાં વગેરેની વ્યવસ્થિત અને પદ્ધતિપૂર્વકની સેવા કરનારી એ સંસ્થા તે કાળે હિન્દ ખાતે આ એક જ હતી.

મોટી નોકરી

ને એ સંસ્થાની દીક્ષા લેવા જતાં શ્રી. અમૃતલાલ ઠક્કરને શું શું ત્યાગવાનું હતું? રૂા. ૩૫૦ ના માસિક પગારની, મુંબઈ શહેર સુધરાઇના રોડ સુપરિન્ટેન્ડન્ટની નોકરી: પાંચ વર્ષમાં એ નોકરીની રૂા. પાંચસો સુધીની મુકરર બઢતીનો લાભ: પાંચ વર્ષ વીત્યે ઘેર બેઠાં રૂા. ૧૫૦–૨૦૦નું પેન્શન: અને કોને ખબર, એથીયે બઢી કોઈ કદરની પૂરી સંભાવના. આખા મુંબઈના ઉકરડા સમા કુરલા પરાની, કચરાપટ્ટીની 'લાઇટ રેલ્વેઝ'ના નીચલા દરજ્જાના ઈન્સ્પેક્ટર આ નવા નોકરીઆતને, આ કાઠિયાવાડી સીવીલ ઈજનેરને, સડેડાટ રૂા. ૩૫૦ના દરમાયાવાળા, આખા મુંબઇ શહેરના રસ્તાઓના સુપરિન્ટેન્ડન્ટના પદ પર સ્થાપી દેનાર ગોરા મ્યુનિસિપલ કમીશ્નર મી. હૉલ (Hall) પર તે વખતનાં પારસી છાપાંઓમાં કાંઈ ઓછી તરપીટ નહોતી પાડી. પણ મી. હૉલ તો શ્રી. ઠક્કરની ઝળકતી કાબેલિયત પર એટલા બધા મુસ્તાક રહ્યા હતા કે અખબારોનો આ બખાળો

એમને લેશ પણ ડારી નહોતો શકયો. સુપરિન્ટેન્ડન્ટ ઠક્કર એના માનીતા જ રહ્યા હતા. આખા મુંબઈના રસ્તાઓના સુપરિન્ટેન્ડન્ટ ઠક્કરની સન્મુખ ઉજ્જ્વળ ભાવિની પ્રભા તે કાળે પૂર્ણ કળાએ પ્રગટતી હતી.

માતાપિતા

● કાઠિયાવાડી ! હા, ઠક્કર બાપા મૂળ કાઠિયાવાડના શહેર ભાવનગરના નિવાસી. એમના પિતાશ્રી સ્વ. વિઠ્ઠલદાસ ઠક્કર લોહાણા હતા ને એક જ્ઞાતિબંધુની પેઢીમાં માંડ રૂ. ૨૦-૨૫ના દરમાયાથી ગુમાસ્તાગીરી કરતા. મેલેરિયા અને મચ્છરના ધામ ભાવનગરના ગંદા એક લત્તામાં, સાંકડા એ વસાણીફળિયામાં આવેલા બેમાળીઆ મકાનમાં શ્રી. અમૃતલાલ ઠક્કર, માતા સ્વ. મૂળીબાઈને પેટે જન્મ પામ્યા, ને જન્મથી માંડી એલ. સી. ઈ. ની પરીક્ષા પાર કર્યા પર્યંત પૂરી ગરીબીમાં જ મોટા થયા.

પિતાની ગરીબી ઉપરાંત એમણે સ્વાદ ચાખ્યો પિતાની કરડાઇ અને સખ્તાઈનો. તાજેતરમાં ગુજરી જનાર એમના જ્યેષ્ઠ ભાઈ સ્વ. પરમાનંદ ઠક્કર પોતાનાં બાળકોને કહેતા કે "અમૃતલાલકાકાને મોટા થયા પછી પણ નિશાળે જવું ગમતું નહિ; દાદા એમના પર મારપીટ ચલાવતા. કોટ પહેરાવવા જતાં કાકા જોરથી મુઠીઓ ભીડી જતા, અને એવડા મોટાને પણ ટીંગાટોળી કરી નિશાળે નાખી આવવું પડતું."

પિતાની લાલનપાલન રહિત, માર્દવ રહિત એ અહોરાતની કરડાઈથી રક્ષણ દેનારી તો માતા મૂળીબાઈની મીઠી ગોદ હતી. કરડાઈ કરતા પતિને પત્ની પોતાના ભદ્રભાવે ઠપકાનો માત્ર એટલો જ બોલ કહેતી રહેતી કે "છોકરાને માથે આમ તે શું કરતા હશો !"

આજે સિત્તેર વર્ષની વયે પણ ઠક્કર બાપા વૃદ્ધ સ્નેહીઓને જોતાંની વાર પોતાની જનેતાને યાદ કરે છે, અને કોઇ ડોશીને જોઇ એના મોંમાંથી ઉદ્ગાર નીકળી પડે છે કે "આ ગલાલ માનું મોં બરાબર મારી મૂળીબાને મળતું આવે છે."–(કદાચ એ મળતાપણું કલ્પિત જ હશે !) પુત્રની સિત્તેર વર્ષની વયે પણ માનો ખોળો નેત્રોમાં અને અંતરમાં સજીવ બને એ બતાવે છે કે ઠક્કર બાપાના સેવાજીવન પર માતૃપ્રેમનો સંસ્કાર કેટલો સજ્જડ હશે.

પહેલા ગુરૂ પિતાજી

● પરંતુ કરડાઈની સાક્ષાત્ મૂર્તિ સમા અને આખા ફળિયાનાં લોકોને ધ્રુજાવતા એ પિતા જ ઠક્કર બાપાના જીવનના 'ચાર ગુરુઓ' પૈકી પહેલા ગુરુનું પદ પામેલ છે. પિતાનો એક મહાન ગુણ, વ્યવસ્થા, પુત્ર અમૃતલાલના લોહીમાં ઊતર્યો : એ અવિભક્ત કુટુંબમાં અવ્યવસ્થા અપાર હતી. પિતાજી દરેક ચીજને એના યોગ્ય સ્થાને મૂકતા, વેરણછેરણ પડેલાં સ્ત્રીઓનાં કપડાંને પણ ઘડી કરી ગોઠવતા, દાદર પાસે પડતા જોડાના ઢગલામાંથી પિતા હારબંધ ગોઠવતા, બાળકે ગંદું કરેલું જાજરૂ પણ પિતા જાતે ધોઈ સ્વચ્છ કરતા. વાંચકો ! ભૂલેચૂકે ય રખે કોઈ ઠક્કરબાપાની નજર સામે જોડા કે કપડાં જેમ તેમ મૂકતા ! પિતાના વર્તનમાંથી પકડેલો એમનો વ્યવસ્થાપ્રેમ આ સહી નહિ શકે અને એક શબ્દ પણ બોલ્યા વગર તમારી ભૂલ સુધારીને એ તમારું નાક કાપશે !

પિતાના ગુરુપણાની બીજી વાત આગળ આવશે.

પૂનામાં અભ્યાસ

● ગુજરાતી અને અંગ્રેજી અભ્યાસ ગામમાં ને ગામમાં ખરની આ ગરીબી વચ્ચે પૂરો કર્યો. બે પાંદડે કદી પણ ન થઈ શકેલા બાપની ઝંખના એક જ હતી કે છયે છ દીકરા કોઈ પણ પ્રકારે ઉચ્ચ શિક્ષણ પામે. મોટા પુત્ર પરમાનંદભાઈને અભ્યાસ દરમિયાન એક રજામાં સ્ટેશન પર ગોદામની મામૂલી નોકરી લેવી પડેલી એ બતાવે છે કે ગરીબી કેવી તીવ્ર હશે. પાંચ નાના દીકરાને આંબાના નાનકડા રોપાની જેમ ઉછેરવાના હતા.

મેટ્રીક થયા પછી પુત્ર અમૃતલાલને કયાંક નોકરીમાં વળગાડી દેવાનો લોભ, આ સ્થિતિ વચ્ચે કોઈ પણ કંગાલ પિતાને માટે સ્વાભાવિક કહેવાય, પરંતુ શ્રી. વિઠ્ઠલદાસ ઠક્કરની આકાંક્ષા અનોખી હતી. પેટે પાટા બાંધીને પણ એ શ્રી. અમૃતલાલને પૂનાની સીવીલ એન્જીનીઅરીંગ કોલેજમાં જાતે જઈ મૂકી આવ્યા, ને ગરીબ બાપના એ ફરજંદે સદાશિવ પેઠમાં કોટડી ભાડે રાખી હાલના પૂના એન્જીનીઅરીંગ કોલજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ખ્યાલ ન આવે એવી કરકસરથી ગુજારો કરતે કરતે ત્રણ વર્ષને અંતે એલ. સી. ઇ. ની ઉપાધિ મેળવી. ઠક્કર બાપા અત્યારે યાદ કરીને કહે છે કે મારી માએ મારું પૂનાનું ખર્ચ પૂરવા પોતાના નજીવા દાગીના પણ વેચેલા.

યુનિવર્સિટીના ઉંબર પર જ શ્રી. અમૃતલાલ ઠક્કરની સામે, માતા પિતા અને ભાઈઓના પેટગુજારાની ફરજ ઊભી હતી. એ નોકરીએ ચડી ગયા. શરૂઆત કાઠિયાવાડના એક રજવાડામાં કરી. તે વખતની સંયુક્ત બી. જી. જે. પી. રેલ્વેના બાંધકામ ખાતામાં રહ્યા. પોરબંદર વગેરે રજવાડાની નોકરી કરી.

સેવાની પ્રથમ પ્રેરણા

● છપ્પનીઆનો દુકાળ પ્રાંતેપ્રાંતમાં હાહાકાર બોલાવતો હતો. તે વેળાએ પોરબંદર રાજ્યની નોકરી છૂટી ગઈ. પોતે પૂર્વ આફ્રિકામાં કેન્યા-યુગાન્ડા રેલ્વે પર ત્રણ વર્ષની બંધણીએ કામ કરવા સીધાવ્યા. ત્યાં દર પખવાડીએ મળતા પિતાજીના પત્રોમાં, દુષ્કાળ નિવારણનું જે કામ પિતા ભાવનગરમાં કરતા તેનું બારીક વર્ણન આવતું. ફક્ત લોહાણા જ્ઞાતિ પૂરતું જ આ કામ હતું. એ માટે પિતા ભંડોળ કરતા, અનાજ ઉઘરાવતા, જ્ઞાતિના વંડામાં રોજ પાંચસોથી હજાર માણસોને એક ટંક જમાડતા, ને તેમને જમાડીને જ પોતે ઘેર જમવા જતા. મહિનાઓ સુધીની એકલહથુ આ વ્યવસ્થાની કથા જ્યારે પુત્ર વાંચતો ત્યારે એ ગર્વથી ઝુલાતો, ને વિચાર કરતો કે આવાં સેવાકાર્યો, ન્યાતજાતના ભેદ વિના હું કયારે કરી શકીશ!

પોતે અત્યારે કહે છે : "સેવાની પ્રથમ પ્રેરણા મને આ કાગળોમાંથી મળી હતી. પિતા કેટલી મહેનતે મહાજનની સભાઓ અને જ્ઞાતિ-ભંડોળોના વહીવટ કરતા, જ્ઞાતિની વિધવાઓને દર મહિને દાણા પહોંચાડતા. જ્ઞાતિનું છાત્રાલય ચલાવતા, તેને માટે પૈસા મેળવવા દરેક લગ્નપ્રસંગે પહોંચી જતા.. એ પરથી મળેલા સેવાના પાઠ હું કંઈક વિશાળ ક્ષેત્રમાં મૂકી શકયો હોઉં તો તેનો યશ પિતાને છે."

આફ્રિકાથી અમુક વર્ષે પાછા દેશમાં આવી સાંગલી રાજ્યમાં કામ કર્યું. છેલ્લે ૧૯૦૪-૧૯૦૫માં મુંબઈ શહેરસુધરાઈએ એમને કુરલા ખાતે નીમ્યા.

રસહીન ગૃહસંસાર

● ત્યાં સુધીમાં એમણે લક્ષ્ય એક જ વાત પર, ચાર નાના ભાઈઓના વિદ્યાભ્યાસને ટકાવવા પર જ રાખ્યું હતું. બીજો તો કોઈ મનોરથ હજુ જન્મ્યો નહોતો, ખુદ પોતાના

સંસારજીવનમાં તેમને કશો સ્વાદ જામ્યો નહોતો. પોતે પ્રથમ પરણેલા તે પત્નીથી થએલો પુત્ર છએક વર્ષનો થઈ ગુજરી ગયા પછી પત્ની પણ કાયમી માંદગીવાળું જીવન ખેંચતાં ખેંચતાં થોડે વર્ષે ભાવનગરમાં મરણ પામ્યાં. શ્રી. અમૃતલાલ ફક્ત પિતાના આગ્રહને માન આપી ફરી પરણ્યા, પણ એ લગ્નસંસારના લ્હાવા લેવાની વૃત્તિ આ સાહિત્યપ્રેમી, આ કવિતાપ્રેમી, અને આજે પણ સરસ્વતીચંદ્રની કાવ્યપંક્તિઓ રટનારા આ રસિક અમૃતલાલમાં કેમ ન પ્રકટ થઈ શકી તેનું કારણ એણે ભાગ્યે જ કોઈને કહ્યું હશે. હૈયું ખોલીને આત્મોદ્ગાર કાઢવાનું કોઈ ઠેકાણું, કોઇ આપ્તજન, કોઈ વિશ્રાન્તિ-સ્થાન યુવક અમૃતલાલના જીવનમાં શોધ્યું જડશે નહિ. એટલે એ રહસ્યકથા કહેનાર કોઈ માણસની ગેરહાજરીમાં આપણે માટે સલામત ઉકેલ–ચાવી તો એ કુરલા ખાતેની નોકરીના કાળમાંથી જ જડી રહે છે.

મુંબઇની સુધરાઈમાં

• **અ**ગાઉ કહ્યું તેમ શ્રી ઠક્કર ચેમ્બુર કચરાપટ્ટીની 'લાઈટ રેલ્વેઝ'ના નિરીક્ષક હતા. સારાયે મુંબઈ નગરનો ઉકરડો આ રેલ્વે ખેંચી લાવતી અને કેટલાક એકરોના વિસ્તારવાળા એક વિશાળ ખાડાની અંદર ઠાલવતી. આ ખાતાના ઝાડુવાળાઓનું–મહાર અને માંગ લોકોનું એક મોટું સૈન્ય શ્રી ઠક્કરની દેખરેખ નીચે હતું. 'તેમનું આ કચરો ઠાલવવાનું કામ નરક વેઠવા કરતાં પણ મુશ્કેલ હતું તે હું જાતે જોતો' એમ 'બાપા' આજે કહે છે. આ ભંગી લોકોની વસાહત એટલે એક ખદબદતું જીવતું નરક: કંગાલ, કરજદાર, જુગારી અને બીજી અનેક રીતે જીવનભ્રષ્ટ આ અછૂત દલિતોની દુર્દશા શ્રી. ઠક્કરના હૃદયની રસાસ્વાદને હરી લેનારી બની. પોતાની નોકરીની ફરજો ઉપરાંત માનવી તરીકેનો સ્વધર્મ આ અસ્પૃશ્યો પ્રત્યે વહેતો થયો. એમના નૈતિક સામાજિક પ્રશ્નોમાં પોતે ઊંડા ઊતર્યા અને એમના કરજબોજ મિટાવવા વગેરેની યોજના એમણે આદરી દીધી. દલિતોની જીવનભર સેવાની હૃદય–દીક્ષા તો આ રીતે શ્રી ઠક્કરે મુંબઇ સુધરાઇની નોકરીની શરૂઆતમાં જ લઇ લીધી હતી. એ સમયથી જ એનું ગૃહજીવન નીરસ બન્યું હોય તેવો સંભવ છે. એ સમયથી જ નોકરી પ્રત્યે પણ પોતે ઉદાસીન થયા હોવા જોઇએ. કારણ કે નોકરીઆત તરીકે આ ફાલતુ પ્રવૃત્તિ કરવાનો આગ્રહ તો તેમણે ખાતામાં ચણભણાટ થયા છતાંય ચાલુ રાખ્યો હતો. તનતોડ નોકરીના કલાકો પૂરા કરીને આવ્યા પછી આરામ લેવાને બદલે આ સામાજિક ઉદ્ધારના કામમાં પોતે મન અને શરીરને નીચોવતા રહ્યા.

બીજા ગુરૂ શ્રી શીન્દે

• **તે** પછી તળ મુંબઇમાં બદલી થઈ ત્યારે તેમના પર બીજી બે વ્યક્તિઓની અસર પડી. એ બેને પણ ઠક્કર બાપા પોતાના ચાર ગુરૂઓમાં ગણાવે છે. એક તો દલિતોદ્ધારના સમર્થ દીક્ષાધારી શ્રી. વિઠ્ઠલ રામજી શીન્દે, ને બીજા હિંદ સેવક સમાજવાળા શ્રી દેવધર. પૂનામાં હરિજનો માટેનું અહલ્યાશ્રમ ચલાવનાર આ ભાઈ શીન્દેએ, જ્યારે દેશમાં દલિતોનું કલ્યાણકાર્ય કરવાનો કોઈને ખ્યાલ પણ નહોતો ત્યારે, ૧૯૦૫ના અરસામાં આ કામ આરંભેલું. ન્યાયમૂર્તિ ચંદાવરકરનો તેમને ટેકો હતો ને પોતે 'ડીપ્રેસ્ડ ક્લાસીઝ મિશન' ચલાવતા. 'બાપા' તેમની પાસે કામ શીખવા ને સાહિત્ય જાણવા જતા. શીન્દેની પ્રવૃત્તિ સાથે એમનો સમાગમ વધતો વધતો ગાઢ થતો ગયો. યોજનાપૂર્વક અને પદ્ધતિસર જાહેર સેવાકાર્યો કરવાની શ્રી. ઠક્કરની ખાસીઅત તેના સંપર્કથી ઘડાઈ હોય તેમ લાગે છે. ને અવિરામ મૂંગા કામનો મંત્ર તેમને શ્રી. દેવધરના જીવનમાંથી મળ્યો હોવો જોઈએ.

શ્રી દેવધરનો સમાગમ પામવા પોતે 'હિન્દ સેવક સમાજ'માં જતા, અને એ સમાગમના પ્રતાપે 'હિંદ સેવક સમાજ'માં જોડાવાની છેક ૧૯૦૫થી જાગેલી ઇચ્છા મજબૂત બની ગઈ.

ત્રીજા ગુરૂ કર્વે દાદા

● **સે**વાના છૂપા તલસાટ જગાવનારા ચોથા ગુરૂ હતા કર્વે દાદા : સર વિઠ્ઠલદાસ ઠાકરશી કે બીજો કોઇ ધનપતિ ભેટયો તે પૂર્વેનાં એ વર્ષો હતાં. ગરીબ મહારાષ્ટ્રી પ્રજા પાસેથી જૂજ પૈસા ભીખી લાવીને કર્વે દાદા વિધવાઓ અને ત્યકતાઓનાં કામો ખોલતા હતા, તેમના સમાગમમાં આવેલા 'બાપા'એ તેમને કોઇક વિધવા બાઇઓને કંકો શીખવતા દીઠા, એક ઝૂંપડીમાં રહેતા દીઠા, ને વર્ષો સુધી એમની ભગીરથ સેવાના સાક્ષી રહ્યા.

પિતાએ થંભાવ્યા

● **નો**કરીમાં ઉત્કર્ષ થતે થતે પણ વિરાગનાં ને સ્વાર્પણનાં મંથનો જોર કર્યે જતાં હતાં. થોડા જ સમયમાં એ મંથનોએ એમને નિશ્ચય પર લાવી મૂકયા. એમણે પોતાના નાનાભાઇ ડૉ. કેશવલાલ ઠક્કરને પત્ર લખી પુછાવ્યું કે "હવે તું મને છૂટો કરી શકે તેમ છે?"

ભાઇ કેશવલાલ એ વખતે દાકતરી ઉપાધિ મેળવીને કાઠિયાવાડના એક રજવાડામાં નોકરી પર સ્થિર થઈ ચૂકયા હતા. તેમણે જવાબ વાળ્યો કે "હવે હું કુટુંબનો ભાર લઈ શકું તેમ છું. તમે છૂટા થઇ શકો છો."

એટલે અમૃતલાલભાઈએ ભાવનગર પિતાને પુછાવ્યું. પિતાનો જવાબ મળ્યો "મારો દેહ છે ત્યાં સુધી તો નહિ. મારા મૃત્યુ પછી તું ફાવે તે કરજે."

પિતાના અંતરમાં એક વેદના હતી: અમૃતલાલને સંતાન નહોતુ. અમૃતલાલ એકાદ પુત્રનો પિતા થાય! માટે તો ફરી પરણાવેલ.

પણ કાળક્રમે તે બીજી પત્ની યે પરલોક સીધાવી ગઈ. શ્રી. ઠક્કર પોતાના સૌથી નાનાભાઈ શ્રી. નારાયણજી સાથે મુંબઈમાં રહેવા લાગ્યા. એમનું 'ઘર' સમેટાઈ ગયું. ફક્ત પિતૃભક્તિ એમને જકડી રહી. અન્ય એકેય વળગણ રહી નહોતી. કેમ કે ભાઈઓ પૈકીના બે જુવાનો ગુજરી ગયા, બાકીના ત્રણે પગભર હતા.

પિતાને ખાતર પ્રાયશ્ચિત્ત

● **પ**છી તો પિતા પણ આજાર શરીર લઇને મુંબઈમાં જ સૌ સાથે આવી વસ્યા. લકવાએ એમને પથારીવશ કરી મૂકયા હતા. એ પથારીવશ સ્થિતિમાં પડેલા પિતા પ્રત્યેની ભક્તિ આ ત્યાગનિષ્ઠ પુત્રને માટે એક નવીન કસોટી લઈ આવી. એ હતો અસ્પૃશ્યો સાથે એક પંગતે બેસીને પ્રીતિભોજન કરવાનો, આર્યન બ્રધરહુડનો, મુંબઈ નગરીને ચકડોળે ચડાવનારો, સૌ પહેલો સામાજિક બળવો પોકારનારો પ્રસંગ.

આ પ્રીતિભોજનમાં શ્રી. અમૃતલાલ ઠક્કરે ભાગ લીધો. પિતાને જાણ થવા તો દીધી નહોતી, પણ મુંબઈની જોરાવર અને જૂથબંધી લોહાણા ન્યાત આ બળવો સહી ન શકી. શ્રી. અમૃતલાલ ઠક્કરને ન્યાતપંચ પાસે હાજર થવાનું કહેણ આવ્યું. એક સ્નેહી જ્ઞાતિબંધુએ આવીને એમને એવું કહી દોરવ્યા કે પંચ પાસે ફકત મોંએ જ આવી જવાનું છે, બીજું કશું ત્યાં થવાનું નથી.

ભોળવાએલા અમૃતલાલભાઈ ન્યાતપંચ પાસે હાજર થયા. ન્યાતપંચે ફેંસલો સંભળાવ્યો કે પ્રાયશ્ચિત્ત કરો, દંડ ભરો, નહિ તો તમારૂં સમસ્ત કુટુંબ ન્યાત બહાર મુકાશે.

બહાર આવીને અમૃતલાલભાઈએ પરિણામ વિચાર્યું. પાપનું કામ તો કર્યું નથીઃ પણ પિતા પથારીવશ છેઃ ન્યાત બહાર થશું તો પિતાના શબને કોઇ ઉપાડવા નહિ આવેઃ પિતાને જાણ થશે તો આઘાત પામીને પ્રાણ છાંડશેઃ (કારણ કે પિતા સ્થિતિએ ગરીબ છતાં ભાવનગરની જ્ઞાતિમાં અડીખમ આગેવાન ગણાતા.)

પિતાનું મોત ન બગાડવાના એક માત્ર વિચારે અમૃતલાલભાઈની અંદર દુઃખદ નબળાઈ મૂકી. એણે દંડ ભર્યો, પ્રાયશ્ચિત્ત કર્યું અને મુંડાવેલ મૂછો લઈ ને ઘેર આવેલ પુત્રને પિતાએ જ્યારે કારણ પૂછયું ત્યારે પુત્રે જવાબ વાળ્યો કે "એ તો મારા સસરા પક્ષમાં મરણું થયું હતું તેથી."

તે પછી થોડા સમયમાં પિતાના મૃત્યુએ પુત્રની છેલ્લી સંસારગાંઠને છેદી નાખી અને પાલવા બંદર પરનો સંકલ્પ કરાવ્યો. બાકીની વાત તો એમણે નોકરી છોડતી વખતે એમના ભાઈઓ પર લખેલો નીચેનો ઐતિહાસિક પત્ર બોલે છે.

મુંબઈ તા. ૨૫-૧-૧૯૧૪

"વહાલા ભાઇઓ,

"આ પત્ર લખતાં મને દુઃખ થાય છે. કારણ કે હું માનું છું કે આ પત્ર માંહેના સમાચાર તમને સૌને ભારી દર્દ કરશે. આ સમાચાર પહોંચાડવાનું કામ કોઈ અન્ય મિત્રને હિસ્સે પડયું હોત તો ઠીક થાત પણ આખરે એ આકરી ફરજ મારે બજાવવાની રહે છે.

ઐતિહાસિક કાગળ

"મુંબઈની મ્યુનિસિપાલિટીની નોકરીનું મેં રાજીનામું આપ્યું છે અને આવતી ર૭ તારીખથી હું નોકરીમાંથી ફારેગ થઈ 'સર્વન્ટ્સ ઑફ ઇન્ડીઆ સોસાયટી'માં જોડાઇશ. આ સંબંધમાં મેં કોઇની સલાહ લીધી નથી. મેં ફક્ત મારા આંતરધ્વનિની સલાહ મુજબ જ–મારા અંતરાત્માની આજ્ઞા મુજબ જ આ પગલું લીધું છે. આમાં કદાચ હું ભૂલ કરતો હોઇશ. પણ એ ભૂલ પણ મારા અંતરના અવાજની જ ભૂલ હશે. ગમે તેમ પણ એ અવાજની હવે હું વધારે વખત અવગણના કરી શકતો નથી.

"મારી નોકરી દરમિયાન મારે મારા હાથ નીચેના માણસોની સાથે અપાર મોહબ્બત બંધાઈ છે, એટલું જ નહિ પણ હું મારા રસ્તાઓ–તેઓ નિર્જીવ છે છતાં તેની સાથે પ્રેમના બંધોથી બંધાયો છું. મારાં આપ્તજનો કરતાં મારાં આ માણસો અને રસ્તાઓથી વિખૂટા પડતાં મને વિશેષ દુઃખ થાય છે અને મારા શાગિર્દ અમલદારે કાલે મને કહ્યું તેમ, હું જાણે સેંકડો નોકરો અને હજારો મજૂરોનો કોઈ અપરાધ કરી રહ્યો હોઉં તેમ લાગે છે. મારા ઉપર મમતા વરસાવનાર અને મને સદા મીઠી દુવા દેનાર એ હજારો માણસોને જાણે રખડાવીને હું ચાલ્યો જતો હોઉં એમ મને લાગે છે. કોઈ કહે છે કે, નોકરી દરમિયાન મારા દરજ્જા અને પ્રતિષ્ઠાને આધારે હું જે હિતકાર્યો કરી શકું છું તે નોકરી પછી બિલકુલ નહિ કરી શકું.

"એ બધું છતાં, હું ખાત્રીપૂર્વક માનતો થયો છું કે હિન્દુસ્થાનને સમગ્ર જીવન અર્પણ કરી દેનારા સેવકો જોઈએ છે, નહિ કે ફુરસદે અને સગવડે કામ કરનારાઓ. અને જ્યાં સુધી આજીવન કાર્યકર્તાઓ હિન્દુસ્થાનને ન સાંપડે ત્યાં સુધી આપણી કશી

પ્રગતિ જ નહિ થઈ શકે. સાચા કામ કરનારાઓ માટે તો પૈસાના ભંડાર ભર્યા છે. ગોખલેજી જેવાના ચરણોમાં હજારો અને લાખો રૂપિયાનો ઢગલો થાય છે; તેમને સાચા કામ કરનારાઓ નથી મળતા. એટલે આ ભેખ ધરવામાં જો હું ભૂલ કરતો હોઉં તો પણ હું તે ભૂલ શુભ મુરાદોથી અને પ્રામાણિકપણે કરું છું.

"તમારું મારી પાસે કાંઈ લેણું હોય તો વેળાસર જણાવશો; કારણ કે હું અત્યારે છેલ્લી વખત, સૌની સાથે મારો હિસાબ ચૂકવી લેવા માગું છું. અને હવે, આજ સુધી જે જે સંસ્થાઓ કે વ્યક્તિઓને આર્થિક સહાયથી સેવા કરવાનું મારું સદ્‌ભાગ્ય હતું તે આજથી પૂરું થાય છે. તે તો વણકહ્યું પણ સમજાશે.

"મારી અંતરવ્યથાનો હવે અંત આવે છે. જીવનના સર્વ વિયોગો દુઃખકર છે, પણ હું તમને સાને ઉમદા સેવાકાર્ય માટે તજી જાઉં છું અને સમજું છું કે તમારા સૌની મને શુભાશિષો છે.

લી. તમારો બાંધવ

[અંગ્રેજી પત્રનું ગુજરાતી ભાષાન્તર]

અમૃતલાલ

ત્યાગની અસર

• સુધરાઈ ખાતાની આખી સૃષ્ટિ ઉપર આ આત્મસમર્પણ, અષાઢ માસના પહેલા વરસાદ જેવી અસર કરી ગયું. બંધુ નોકરિયાતો દિંગ બન્યા. જેઓ શ્રી ઠક્કરની બઢતીથી પોતાના હક્કો ડૂબ્યા માની દ્વેષ કરતા હતા તેઓએ પણ વાહવાહ પુકારીને બહુમાન દીધું. આવો ત્યાગ તેમને માટે અકલ્પ્ય હતો. તેઓ શ્રી. ઠક્કરની ઇર્ષ્યા કર્યા બદલ પ્રકટપણે પસ્તાયા.

અને ગુજરાતી પ્રજા તરફથી તો તેમના ઉપર માનસન્માનની એટલી બધી પડાપડી બોલી, કે પોતે ડૉ. ઠક્કર પરના એક કાગળમાં લખ્યું, "મને લાગે છે કે હવે જો હું અહીં વધુ વાર રહીશ તો બગડી જઈશ. મારે આમાંથી છૂટવું જોઈએ."

દીક્ષાધારી-મિશનરી તરીકેના એ નવજન્મને પહેલે જ પગલે શ્રી. ઠક્કરને મથુરા તરફના દુષ્કાળ સંકટનું રાહતકામ સોંપાયું, ને માનસન્માનની ગૂંગળાવતી હવામાંથી એ ચાલી નીકળ્યા. તે પછી એકાદ વર્ષમાં જ ગોખલેજીનો દેહ પડી ગયો. એમના નિકટ સહવાસનો સુયોગ તો પોતાને મળ્યો જ નહિ.

❦ ❦ ❦

મધરાતનો મુસાફર

• ગુજરાતના એક ગામડામાં રાત્રિના એક વાગ્યાના સમયનો સુનકાર છે. ખડડ ખડડ કરતું એક બળદગાડું તે વખતે ગામની ગુજરાતી શાળાને બારણે આવી ઊભું રહે છે. ગાડાનો મુસાફર ઘાટી ઊંઘમાં સૂતેલા શિક્ષકનું દ્વાર ભભડાવે છે. બેબાકળા ઊઠેલા, બાઘોલા જેવા એ માસ્તર, કોઈ ઉપરી અધિકારી (કે પછી ધાડપાડુ !)ની આ અણધારી મુલાકાતથી ચોંકે છે. મુસાફર તેને પોતાની તેમજ પોતાના કામની પિછાન આપે છેઃ માસ્તર, મારું નામ અમૃતલાલ ઠક્કર : હું મુંબઈથી શ્રી. વિઠ્ઠલભાઈ પટેલનો મોકલ્યો આવું છું. એમના મફત અને ફરજિયાત કેળવણીના ખરડાને અંગે તપાસે નીકળ્યો છું, ને મારે તમારી શાળા સંબંધે આટલા આંકડા જોઈએ છે. આપશો ને?

"ભલે સાહેબ, પધારો સૂવો, સવારે......."

"ના માસ્તર, અમારે તો રાતોરાત પાછા બીજે ગામ પહોંચવું છે. રહેવા જેટલી વેળા નથી." મુસાફર શ્રી ઠક્કર સ્વસ્થ અને નિર્મળ અવાજે બોલે છે.

હેરત પામેલો માસ્તર, કશી છૂટછાટની આશા ત્યજીને, માગેલા આંકડા કાઢી આપવા માટે ફૂટેલું ફાનસ ચેતાવી શાળા ખોલે છે.

આંકડા મળી ગયા. રાતના બે વાગ્યાનો શુમાર થયો.

"માસ્તર," શ્રી ઠક્કરે વિનતિ કરી "અત્યારે કોઈ રસોઈ કરી આપે ખરું ? અમે વાળુ વગરના છીએ."

માસ્તર રાંધણું માંડે છે, ને રાતના ત્રણ વાગે વાળુ કરીને શ્રી ઠક્કર પોતાના સાથી ભેળા એ જ ખડખડ ગાડામાં પછીના ગામનો પ્રવાસ આદરે છે.

એ પ્રવાસ પહેલેથી ચોક્કસ કરેલા કાર્યક્રમ પ્રમાણે જ આગળ ધપે છે. એનો કાર્યક્રમ વિધાતાના લેખ જેવો કરડો ને અફર છે. કાળી રાત કે બળબળતા બપોર, પેટમાં ભૂખના ખાડા કે તનના મંકોડે મંકોડા તોડતો થાક, એમના કાર્યક્રમની એક પણ વિગતને ફેરવાવી શકતા નથી. આ ગામમાં ખાવાનું તૈયાર હોય, બપોરના બે વાગ્યાનો ધોમ ધખતો હોય, તોયે જો કાર્યક્રમ સામે ગામ પહોંચીને જમવાનો હોય તો તેમાં મીનમેખ થઈ શકે નહિ. સાથીઓની ઢીલાશને એ ગનકારે નહિ. ઢીલો માણસ એ ખડતલ કર્મયોગીની તહેનાતમાં ટકે નહિ.

આખા ગુજરાતનાં ગામડાં આવી ચીવટથી ખૂંદી નાખ્યાં. એક અખંડ ઉદ્યમી અભ્યાસી તરીકે અને અડીખમ કાર્યકર લેખે શ્રી ઠક્કરની છાપ બેસી ગઈ.

ઓરિસ્સાની દુષ્કાળ-સેવા

• **તે** પછી ૧૯૧૮ની સાલમાં બિહારમાં જમશેદપુર ખાતે તાતાના કારખાનાનાં હજારો કંગાલ મજૂરોને માટે સસ્તા માલની વ્યવસ્થા ચલાવવા તાતા કંપનીની માગણીના પ્રત્યુત્તરમાં 'હિન્દ સેવક સમાજ' તેમની સેવાઓ ધીરે છે ને ત્યાંથી ઉપડીને એમનું થાણું ૧૯૧૯ અથવા ૧૯૨૦ માં ઓરિસ્સા દુષ્કાળસંકટ નિવારણના કામ ખાતે તીર્થધામ જગન્નાથપુરીમાં પડે છે. હિન્દુઓના અવ્વલ પંક્તિના એ તીર્થસ્થળની લખલૂટ સમૃદ્ધિના ઉંબરમાં દુષ્કાળપીડિત ઉડીઆં નરનારનાં હજારો જીવતાં હાડપીંજરો મરણતોલ દશામાં ડચકાં ભરતાં હતાં, તેમની ફળદ્રુપ ભૂમિને સમુદ્ર સમી નદીઓનાં પ્રલયપૂર વર્ષોવર્ષ બોળી દેતા હતાં. એક તરફથી આ વાર્ષિક જળપ્રલયના મૂળભૂત કારણરૂપ રેલ્વે સડકો વગેરે સંયોગોનો અભ્યાસ કરી કરી શ્રી. ઠક્કર સરકારને અહેવાલો ને નિવેદનો પહોંચાડતા હતા, ને બીજી તરફ ઉડીઆ સેવકોની સંસ્થા ઊભી કરી ગામેગામનાં સેંકડો કંગાલોને પેટપૂર ચાવલ વહેંચાવતા હતા.

એવો એક પ્રસંગ આ લેખકે જ જગન્નાથજીમાં નિહાળ્યો છે. શ્રી. અમૃતલાલ ઠક્કર જાતે ચાવલનું સદાવ્રત વહેંચી રહ્યા છે; સૌને પંક્તિબંધ લેવા બોલાવે છે. પણ ક્ષુધાર્તો વ્યવસ્થાને અને શિસ્તને ગનકારતા નથી; કાળાં સીસમરંગી એ હાડપીંજરો તીડના ટોળાં પેઠે પડે છે. આ લેખકને વ્યવસ્થામાં સહાયક બનવા ઊભો રાખેલ છે. અરાજકતા મચાવતાં પીડિતોને એ લાકડી વડે રૂંધવા જતા આ લેખકની કઠોરતા શ્રી. અમૃતલાલભાઈથી સહેવાતી નથી: એ શિસ્તના કરડા પાલકનું હૈયું પણ હાથ ન રહે

તેનું આ પીડિત-દર્શન હતું. "એમ નહિ ભાઈ ! એમને એમ ન રોકો" શ્રી. ઠક્કરની શિસ્તપ્રીતિ હારીને ગંભીર સ્વરે બોલી ઊઠી.

કાઠિ. માં ખાદીનો ઉદ્યોગ

• **ઓ**રિસા પછી કાઠિયાવાડનો વારો આવ્યો. ચોરવાડવાળા શેઠ શ્રી. જીવણલાલ મોતીચંદ અને હરખચંદ મોતીચંદ 'ઠક્કર બાપા'ના પ્રશંસકો છે. (શ્રી. અમૃતલાલભાઈનું 'બાપા' નામ સંબોધન આ અરસામાં કલકત્તાથીજ આરંભ પામ્યું.) હરખચંદશેઠ 'બાપા'ને અવારનવાર પ્રવૃત્તિ અર્થે સારી જેવી રકમો છાનામાના મોકલ્યા કરતા, ને જીવણલાલ શેઠનો સંકલ્પ, પોતે કલકત્તામાંથી કરેલી કમાઇનો અમુક હિસ્સો પરમાર્થે કાંઈક યોજનાપૂર્વક ખર્ચવાનો થયો. જગન્નાથપુરીમાં ઉડીઆ સંકટ નિવારણમાં ઘૂમતા 'બાપા'ને જોયા પછી એણે બાપાને કલકત્તા તેડાવ્યા અને કાઠિયાવાડમાં ખાદીનો ઉદ્યોગ ખોલવાનો પ્રસ્તાવ ધર્યો. 'બાપા'નું થાણું કાઠિયાવાડ ખાતે અમરેલીમાં પડયું, ને ત્યાં પણ તેમણે શ્રી. જીવણલાલ શેઠના નિવૃત્ત જોડીદાર શ્રી. રામજી હંસરાજની સાથીદારીથી શાખા પ્રશાખાઓવાળું ધીકતું તંત્ર પાથરી આપ્યું. ખાદી કામના પોતે નિષ્ણાત નહિ તેમ જ ખાદી ઉત્પત્તિનો આખો હુન્નર જ પ્રાથમિક પ્રયોગભૂમિમાં, છતાં 'બાપા'ની યોજનાશક્તિ ત્યાં દીપી ઊઠી. સેંકડો ગરીબ સ્ત્રીઓએ પાંચ પાંચ ગાઉ દૂરથી આવીને ય આ નિર્વાહસાધન મેળવ્યું, પણ દુર્ભાગ્યે રાજદ્વારી લડતમાં હિન્દી પ્રજા પાછી પડી, એના એક ફણગા રૂપે ખાદી પ્રત્યે લોકો ઉદાસીન બન્યા. અમરેલી ખાદી કાર્યાલયને સંગીન આર્થિક ભૂમિકા પર મૂકવાની બીજી કેટલીક મુશ્કેલીઓ નડતાં, બાપા એ કાર્ય છોડી ગયા. છતાં ખાદી ઉત્પત્તિનો બાપાએ વાવેલો રોપ શ્રી. રામજીભાઇએ વિધવિધ રીતે વિકસાવ્યો અને આજની ઘડી લગી બાપાનાં પુનિત પગલાં સદા તાજાં રાખ્યાં.

❦ ❦ ❦

ભીલોનો ઉદ્ધાર

• "**ઓ** બાઈ ! બહાર તો આવો. અંદર કેમ પેસી ગયાં છો ?"

૧૯૧૮ની સાલ છે. પંચમહાલ જીલ્લાનો વેરાન પ્રદેશ છે. દુષ્કાળે સળગતી સીમમાં જીવતાં માણસની ચિતા જેવાં છૂટાં છૂટાં ઝૂંપડાં છે. એ ઝૂંપડે ઝૂંપડે એક કાપડથી ભરેલો બળદ-એક્કો લઈને ભ્રમણ કરી રહેલા એક પુરુષને જોતાં વેંત જ એક ઝૂંપડાનું બારણું બીડીને એક ભીલ બાઈ અંદર પેસી ગઈ છે.

"બહાર નીકળાય એમ નથી." અંદરથી બાઈનો ઉત્તર મળે છે.

"પણ કારણ શું છે!" એક્કો લઈ ઊભેલા પુરુષ પોતાના સાથીને પૂછે છે. ભીલોનો જાણકાર સાથી ફોડ પાડે છે : 'એ ભીલડીની પાસે એબ ઢાંકવા પૂરતાં પણ કપડાં નહિ હોય.'

એકામાં કપડાં જ ભર્યાં છે. માલિક પુરુષ એમાંથી જોઈતાં કપડાં કાઢી એ બાઈના ઘરમાં પહોંચડાવે છે. એ કપડે ઢંકાઈને ભીલડીનું શરીર બહાર નીકળે છે ને પોતાના મહેમાનને પોતાની કથની કહે છે.

એ કથની સાંભળીને, તેમ જ ઝૂંપડે ઝૂંપડેથી આંકડા મેળવીને આ એકાવાળા, કાપડ વહેંચતા પુરુષે--ઠક્કર બાપાએ-તારણ કાઢયું: હિન્દનાં લોકોને પહેરવા વાર્ષિક સરેરાશ ૧૨-૧૫ વાર કાપડ જોઈએ: ભીલોની જરૂરીઆત સરેરાશ પાંચ જ વાર: સ્ત્રીપુરુષોને એક જ

૨૧૮૫૮

જોડ કપડાં : એ એક જોડ ફાટી જાય, ખેતરમાં પાકયું ન હોય, ને વાણિયો ધીરતો ન હોય, તો સ્ત્રીઓ શું કરે ! કાઠિયાવાડમાં કહેવાય છે તેમ 'ઝૂંપડું ઓઢીને' બેસી રહે !

સરકારી સતામણી

● **દાહોદ**–ઝાલોદનાં ભીલ ગામડાંની આ દશા બાપાએ નજરે જોઈ, ને તેમણે ૧૯૨૨માં જીવનની મજલનો તે પછીનો અવિસ્મરણીય ખાંભો ગુજરાતના દાહોદ ગામમાં ભીલ સેવા મંડળ રૂપે રોપી દીધો. ભીલોના ઉદ્ધારનો પ્રશ્ન એ ગુજરાતના મહાપ્રશ્નોમાંનો એક કહેવાય. પંચમહાલનો બ્રિટિશ જીલ્લો અને એની પડોશનાં સંખ્યાબંધ દેશી રાજ્યો, એટલે જંગલી અવસ્થામાં સબડતાં એ ઇતિહાસગાયાં લાખો વીર શોણિતોનાં ગુલામખાનાં, એ ગુલામોના સમુદ્ધારમાં આર્થિક સહાયદાતા મુંબઇના યુવાન શેઠ લક્ષ્મીદાસ શ્રીકાંત બન્યા. સેવકોનું જૂથ ત્યાં પણ 'બાપા'એ ઊભું કર્યું. વિશાળ ભીલ પ્રદેશ પર એમના સેવામંડળની વડવાઈઓ વિસ્તરી ગઈ. અર્ધમાનવી ભીલોનાં બાળકોની મફત કેળવણી, વૈદકીય સારવાર અને સમાજસુધારા, જે ઘણાને સ્વપ્નમય ભાસતા, તે બાપાએ સત્યસૃષ્ટિ પર ઉતારી દેખાડ્યાં.

આવું સાધું કામ પણ તે વખતની સરકારને ગમ્યું નહોતું. આજુબાજુનાં દેશી રાજ્યો પર સરકારનો પરિપત્ર પણ પહોંચેલો અને ચેતવણી અપાયેલી કે 'જોતા રહેજો; આ લપ તમારે ત્યાં ન પેસી જાય; ભીલોમાં બળવો ન જગાડે !"

અમલદારો પણ સરકારી શંકિત વૃત્તિને લીધે ત્રાસ આપવા લાગ્યા. સાચા ખોટા મુકદ્દમા પણ થતા રહ્યા. છતાં બાપાની ધીરજ ન ખૂટી. ૨૦ વર્ષની સેવા આપનારા સેવકો તેમને મળવા લાગ્યા, ને ૧૯૩૦ સુધી મહાસભાની પણ આર્થિક સહાય મળી.

બાપાની જેલયાત્રા

● **૧૯૩૦**ના સત્યાગ્રહ–સંગ્રામમાં, પોતે સૈનિક નહોતા છતાં, ઝડપાઈ જવાનો લાભ બાપાને જડી ગયો. મહેમદાવાદમાં પોતે કેવળ દૂર ઊભેલા, સંગ્રામના નિરીક્ષક હતા, છતાં તે દેશવ્યાપી દાવાનળમાં તો પાપડી ભેગી ઇયળો ય બફાતી. બાપા ખોટે ખોટી સજા ખાઈ સાબરમતી જેલમાં પુરાયા, ને ત્યાંથી અપીલમાં નિર્દોષ ઠરી છુટકારો પામ્યા.

૧૯૩૦–૩૨નાં એ વસમાં વર્ષોમાં પણ ભીલસેવાનું કામ ટકી રહ્યું. તેનો યશ દૃઢનિશ્ચયી કાર્યકરોને અને શેઠ શ્રીકાંત તેમ જ શેઠ હરખચંદ મોતીચંદને જાય છે.

હરિજન સંઘમાં

● **અહીં** દરેક વર્ષે આ સેવાવૃક્ષની જડો બરાબર મજબૂત બની રહી, ને ત્યાં યરવડા જેલમાં ગાંધીજીના ઐતિહાસિક ઉપવાસો સફળ થયા, ને એ સફળતાએ હિન્દના સામાજિક તેમ જ રાજદ્વારી ક્ષિતિજ પર હરિજનોના ઉદ્ધારનો ભગીરથ પ્રશ્ન ઊભો કર્યો. ભારતવર્ષનું એ મહાપાપ ધોવાના દેશવ્યાપી કાર્યની ધૂંસરી ઠક્કર બાપાના પહોળા કાંધ પર આવી પડી. અખિલ ભારત હરિજન સેવા સંઘ સ્થપાયો, ને ગાંધીજીના આદેશથી એ સંઘનું મંત્રીપદ ઠક્કર બાપાએ સ્વીકાર્યું.

સાત વર્ષના ટૂંકા ગાળામાં સૈકાજૂનો આ પાપ–પૂંજ સાફ કરવાની હામ ઠક્કર બાપા વિના બીજો કયો હિન્દી બાંધી શકયો હોત ! દિલ્હીમાં મુખ્ય મથક રાખીને બાપાએ સંઘનાં ૨૬ પ્રાંત–કેન્દ્રો રચ્યાં, ૨૦૦ જીલ્લા સમિતિઓ અસ્તિત્વમાં આણી, અને એ વિશાળ તંત્ર દ્વારા આજ સુધીમાં અઢાર લાખથી વધુ રકમનો, એક વૈશ્યની કાબેલિયતને શોભાવે તેવો, એક ગરીબ દેશના પરસેવાના પૈસાની પાઇએ પાઇની સાર્થકતા પુકારતો સદ્વ્યય કરી બતાવ્યો છે.

હરિજન સેવક સંઘની પ્રવૃત્તિમાં ને કાર્યદોરવણીમાં ઠક્કર બાપાએ કયો સિદ્ધાન્ત સ્વીકાર્યો હતો તે એક જુવાન સ્વજન પરના પત્રના નીચે ઉતારેલ ફકરામાંથી જડે છે.

"દસ દહાડામાં આટલા બધા ઉતાવળા ? પણ જુવાનો તો ઉતાવળા હોય જ. આગ્રામાં સેન્ટ જોન્સ કોલેજના છોકરાઓ પાસે મેં હરિજન કામનું વર્ણન આપ્યું, ત્યાર બાદ એક બે છોકરાએ કહ્યું, કે આ તો અમને બહુ મોળું લાગે છે. મેં પૂછ્યું કે ત્યારે તમારી ઝડપે તમે તાકીદ કેમ કરો ? જવાબ મળ્યો કે કાયદો કરીને અસ્પૃશ્યતાનો નાશ કરી નાખીએ. પણ કાયદો કરી અસ્પૃશ્યતાનો નાશ ન થઈ શકે, લોકોની જોડે સમજાવટથી, માથાકૂટથી અને લમણાંઝીકથી જ થાય એ સમજાવ્યું."

[પોતાના ભત્રીજા અનંત પરનો તા. ૨૯-૧૧-'૩૭ નો પત્ર]

અથાક પ્રવાસો

- લોકોને સમજૂતી : લોકો સાથે લમણાઝીક : કાયદાના ઝટકાથી નહિ પણ જનતાનો સંસ્કાર-પલટો કરીને લીધેલું કામ : એ કામે ૬૩ વર્ષના આ બુઢ્ઢા પાસે પ્રથમ તો માગી લીધા લાંબા લાંબા પ્રવાસો. રેલ્વેઓમાં ત્રીજા વર્ગ સિવાય મુસાફરી નહિ : રેલ્વેથી ૫૦-૬૦ માઈલ દૂર પડેલાં ગામડાંમાં મોટર ખટારાથી પહોંચવું : રેલ્વેનાં ટાઈમટેબલ ઝીણવટથી જોઈને દરેક દિવસની મુસાફરીના કલાકો ને મિનિટો નક્કી કરવાં : બિલકુલ ક્ષતિ વગર એ કાર્યક્રમો પાર ઉતારવા : કોઈ પણ સ્થળે નક્કી કર્યા કરતાં એક કલાક પણ વધુ રોકાવું નહિ : ને એવો એકેક પ્રવાસ પૂરો કરી દિલ્હીના મથક પાછા આવી એકાદ અઠવાડિયું રહી સખત ઓફિસકામ પતાવવું : ત્યાં તો બીજા પ્રવાસનો કાર્યક્રમ તૈયાર જ હોય : કાઠિયાવાડથી આસામ સુધી અને પંજાબથી મદ્રાસ સુધી, શહેરોમાં નહિ પણ ધૂળ ફાકતાં કંગાલ ગામડાંમાં જે તાકાત અને સબૂરીથી ઠક્કર બાપા રખડયા છે તેટલું બીજા કોઈપણ કાર્યકર્તા-ગાંધીજી અને જવાહરલાલ સુદ્ધાંત નહિ રખડયા હોય.

સંશોધનની ઝીણવટ

- પ્રવાસમાં એમની વ્યવસ્થાપ્રવૃત્તિની પાછળ એમની સંશોધન અને નિરીક્ષણવૃત્તિ જે મૂંગું કામ કરી રહી હોય છે તેની ઝાંખી એમના નીચે લખ્યા પત્રમાંથી થશે.

"સક્કર બરાજ પહેલી વખત જોયું. ભયંકર મોટું કાર્ય છે. લાડકાનાથી ૨૦ માઈલ દૂર મોહન-જો-ડેરો રહ્યું, પણ ત્યાં જવાનો વખત ન મળ્યો. હરિજન કામ પહેલું અને પછી બાકી બધું × × × 'શિકારપુરમાં એક દાક્તર કિશનચંદ બુલચંદાની છે. તે હરિજન કામ સરસ કરે છે અને મેટર્નીટી હોમ પણ ચલાવે છે (સાર્વજનિક). વળી તે વેપારીનો દિકરો હોવાથી ટુટીકોરીનમાં તેનું બેન્કીંગનું કામ પણ ચાલે છે × × × અહીં ઢેઢને મેઘવાળ કહે છે. કચ્છમાં પણ તેમજ--લાડકાના પાસે બાજીગર જાતનું એક ગામડું-ઘરમાં ગુજરાતી બોલનારાનું, હાથ લાગ્યું. બહુ ચોખ્ખું : અને સીધી લાઈનોવાળા બરૂની સાદડીઓનાં ઘરો હતાં. તેનો વડેરો ૧૦૦ જરીબ ખેતીનો માલદાર માલિક હતો. કાળકાદેવીના ભક્તો હોઈ ઘણી જ ધજાઓ તેમનાં ઘરો પર હતી. વડેરાનાં હિન્દુ મુસલમીન બન્ને નામ હતા. દોરડા ઉપર ચાલવાનું હવે એ ભૂલી ગયા છે. તેમાંથી એક જ જણ એ ધંધો કરે છે × × × શિકારપુરની કોલેજમાં શીખતો એક ઓડનો છોકરો, નામે નારાયણ, જેને રૂ. ૧૫ ની સ્કોલરશીપ આપીએ છીએ, તે મળ્યો. તે વેકેશનમાં ઘેર હોય છે ત્યારે પોતાના

બાપની સાથે માટી ખોદવા તથા ભીંતડાં ચણવા પણ જાય છે. હમણાં એફ. વાઈ. એ ઊંચે નંબરે પાસ થયો પ્રીન્સીપાલ તેને પોતાને ઘેર ખવરાવે છે, અને વખાણતા હતા.
[ડૉ. કેશવલાલ ઠક્કર પર, સિંધના નવાબશાહ ગામથી લખેલો પત્ર તા. ૧૨. ૪ ૩૯]

વાચાહીન અઢી કરોડ આદિવાસીઓ

સંઘના કામમાં રોકાયેલા છતાં જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં જંગલી જાતિઓ એની નજરને ન ચુકાવી શકી એ જંગલીઓ કોણ જાણે કેમ પણ એમની સેવાવૃત્તિનાં જ નહિ પણ એમની મમતા અને મહોબ્બતનાં પાત્રો બની ગયાં છે. એ મમતામાં એક આશકનું ઝૂરવું છે, પ્રેમીનો તલસાટ છે. ગૂજરાતના એક ખૂણાના આદિવાસીઓ આ ભીલોની દશા દેખીને આખા હિન્દના આદિવાસીઓનો વિચાર એમને સતાવવા લાગ્યો. ૧૯૨૬માં લાગલાગટ ચાર માસ તેમણે જુદા જુદા પ્રાંતોમાં પ્રવાસ કર્યો. આસામ તો તેમને જાણે અસલ વતનીઓનું પ્રદર્શન લાગ્યું. ગારો, કાચારી, મીરી, મીકીર, નાગા, લાલુંગ, ખાસી અને જંટીઆ, એવી એવી, બ્રહ્મપુત્રા નદીના બન્ને કાંઠાની પહાડીઓ પર રહેનારી, પરસ્પરની ભાષા પણ ન જાણનારી, પરસ્પરને ન ઓળખનારી જાતિઓ જોઈ; એ જાતિઓની વચ્ચે કામ કરતા વિદેશી મિશનરીઓને જોયા. આ મિશનરીઓ આ લોકોને એની માતૃભાષા રોમન લિપિની મારફતે શીખવતા હતા તે પણ જોયું. છેલ્લાં બે વર્ષથી મધ્યપ્રાંતના ગોંડ લોકો, દક્ષિણ ઓરિસ્સાના કંધ, સબર, કોયા, ગદબ અને એવી અનેક જાતો જોઈ લીધી. ઓરિસ્સાની મહાસભા સરકારે આ પછાત પ્રજાની ઉન્નતિના માર્ગ વિચારવા એક સમિતિ નીમી તેના પ્રમુખસ્થાને બાપાને બેસાર્યા. બાપાએ આ આદિવાસીઓનાં દુઃખ, દારિદ્રય, અસુખાકારી અને શોષણ સ્વાનુભવે નિહાળ્યાં. મહાસભા સરકારની પહેલાં જ્યાં પ્રવાસ કરવો પણ મુશ્કિલ હતો તેવા ભાગોમાં ખૂબ ફરી ફરી ઝીણી વિગતો સંગ્રહી.

ધણી કે ધોરી વગરનાં, સરકાર તેમ જ હિન્દુ સમાજ બેઉએ ત્યજેલાં, વ્યાપારીઓ અને જમીનદારોને હાથે પેટ ભરીભરી લુંટાઈ રહેલાં, અને ફક્ત ખ્રિસ્તી મિશનરીઓની જ સાર પામીને વટલાતાં આ પૂરાં અઢી કરોડ અસલ વતનીઓને હિન્દના દરએક વિભાગમાં પથરાયેલાં દેખી, તેમના પ્રશ્નોનો અભ્યાસ કર્યા પછી ઠક્કર બાપાનું અંતર નીચે મુજબ વેદના–બિન્દુઓ ટપકાવે છે —

“હરિજનોને તો વાચા છે, ધારાસભામાં તેમના પુષ્કળ પ્રતિનિધિઓ છે, તેઓ કેળવાતા જાય છે, પોતાના હક્કો માટે મંડળો રચી આંદોલનો કરી શકે છે, પણ આ મૂંગાં પ્રાણીઓ જેવાં અઢી કરોડનું શું ? તેમનો પ્રશ્ન અટપટો છે ખરો, પણ તેને ઉકેલ્યે જ છૂટકો છે.”

આ ઉકેલ કરવાની તાલાવેલી બતાવતો પત્ર—

“આ સાલનો પ્રવાસ તા. નવમી ને રાત્રે પૂરો થયો. તા. ૧૬–૧૭ કલકત્તામાં રહી કાલ અહીં રાંચીમાં આવ્યા. અહીંયાં યુરોપિયન ગાંડાઓની Mental Hospital છે તે તમે જાણતાં હશો. મારી દૃષ્ટિએ અહીં aborigenes મારા ભીલ જેવા સંતાલો, ઉરાંઓ અને મુડાઓ (જેને અંગ્રેજીમાં મુન્ડા કરી નાખ્યું છે) તેમનો તો પાર જ નથી. તેમને માટે વિશેષ કામ કરવાની ગોઠવણ કરી રહ્યો છું. આસામમાં પણ ચહાના બગીચાવાળાઓ–તથા બગીચામાંથી નીકળ્યા બાદ સાધારણ ખેતીવાડીમાં પડેલા પ્રાંત પ્રાંતના લોકો માટે વિશેષ કામ માથે લેવાની પેરવીમાં છું. આમ કામના ઘોડા મનમાં ઘડયા કરું

છું, પણ દેવધર દાદાની માફક પ્રભુ બોલાવી લે તો એ બધું મારે માટે તો પડ્યું રહેશે. ઈશ્વરનું ચક્ર તો અટકતું નથી, તેથી બીજાઓ ઉપાડી લેશે. પણ માણસના લોભનો પાર નથી. બધે હવાતિયાં મારવાનું મન થયા કરે છે"

[ડૉ. કેશવલાલ ઠક્કર પરના તા. ૨૧-૧૨-૩૫ના દિલ્હીથી લખેલા પત્રમાંથી]

જ્ઞાનયુક્ત શ્રદ્ધા

• **આમ** જો આ પ્રેમીજનમાં પ્રભુપરાયણતા અને જ્ઞાનબુદ્ધિની મજબૂત પકડ ન હોત તો કદાચ એનું હૈયું ફાટી પડત. સાચા લોકસેવકને માથે તો પગલે પગલે સંસારી માનવના જેવી જ કારમી આફતોના, વિચ્છેદ-વ્યથાના, આંતરવેદનાના વજ્રપાતો થાય છે. શ્રદ્ધા અને આત્મજ્ઞાન વિહોણો સેવક એ ઝંઝાવાતો સામે ટકી શકે નહિ. ઠક્કર બાપાના કવિહૃદય પર, પ્રેમીહૃદય પર વજ્રપાતો થયા, તેમાંથી એમને ઉગારી લેનારી એ જ્ઞાનયુક્ત શ્રદ્ધા કેટલી મનોહર છે! આ પત્ર સાક્ષી પૂરે છે-

"દેવધર દાદા ગુજરી ગયા × × × તેમનું કામ થઈ રહ્યું તેથી તેમને ઈશ્વરે બોલાવી લીધા. મારું કામ પૂરું થઈ રહ્યું તેને લાગશે, ત્યારે તે મને પણ બોલાવી લેશે. મારા ચાર ગુરુઓ: શિન્દે, કર્વે, દેવધર અને બાપા : એ ચાર પૈકીમાંથી આ બીજા ગયા."

[ડૉ. ઠક્કર પર લખેલો તા. ૧૯-૧૦-૩૫ નો પત્ર]

દીપકમાં તેલ

• **એ** શ્રદ્ધા અને જ્ઞાનના દીપકમાં તેલ ક્યાંથી પુરાઈ રહ્યું છે? માનવી જગતનાં દુઃખોના દર્શનમાંથી. આ રહ્યો એક કાગળ :-

"ઘડપણ કોણે મોકલ્યું" એનું રહસ્ય પાની કાકી રેંટિયો (અંધાપો છતાં) કાંતતાં અને રસોઇ પણ કરતાં તેથી મને સમજાતું હતું. કોઇ વખતે શરીર દુઃખે છે અથવા હાથનાં આંગળાંમાં 'વા' goutiness આવી જાય છે ત્યારે સ્વાનુભવથી પણ જણાય છે. પણ વિશેષ તો પ્રવાસમાં અતિ વૃદ્ધ માણસ મળી આવે છે, વખતે મજૂરી કરતાં દેખું છું, ત્યારે રહસ્ય સમજાય તો છે, પણ તે સાથે એવો વિચાર પણ આવે છે કે ઇશ્વરે આપણને કેવી સારી સ્થિતિમાં (આ માણસ કરતાં) મૂક્યા છે, તે ઇશ્વરનો પાડ માનીએ તેટલો ઓછો. પ્રભુની ઇચ્છા હશે ત્યાં સુધી શરીર સેવા કરી છૂટશે. તે વાહન બંધ થશે ત્યારે પરમાત્મા આપણા કર્મ પ્રમાણે નવું વાહન આપશે."

[મુંબઇ : તા. ૨૯-૬-૩૬ : મોટાભાઈ પરમાણંદદાસ ઠક્કર પરનો પત્ર]

ભાંગેલા દેહે સેવા

• **હિન્દુસ્તાનના** રાજકારણી ક્ષેત્રમાં કાર્યકરોની પડાપડી હશે, જાહેર જીવનના શોખીનોની સંખ્યા ભલે મોટી હશે, પણ ઇશ્વરની વીણાનું સ્વરહીન શબ્દહીન મૂગું સંગીત જ્યાં નિરંતર બજી રહ્યું છે, તેવા અદીઠ નેપથ્યમાં સેવા સમર્પનારા વિરલા છે. એમ ન હોત તો ૬૮ વર્ષના આ ડોસાની નીચેના પત્રમાં વર્ણવી દેહ-દશાને આપણી પ્રજા કેમ ચલાવી લેત!—

"બીજું હાલમાં છેલ્લા એક માસથી મારી તબિયત નરમગરમ ચાલ્યાં કરે છે. બીજાપુરમાં તા. ૭મી માર્ચે ૧૦૨° તાવ આવી ગયો હતો. થાકોડાને લીધે હશે એમ ધાર્યું. બીજે દિવસે ત્યાંના દાકતરે કિવનાઈનનું ઈન્જેક્શન આપ્યું, તેથી તેને વળતે દિવસે પાછો પ્રવાસ ચાલુ કરી શક્યો. બીજાપુરમાં એક હેલ્થ ઓફિસર રા. સા. પરૂલેકર

કરીને છે, તે બહુ સેવાભાવી માણસ છે. તેણે ત્યાંનું લેપર ક્લીનીક્સ બતાવ્યું તથા નવું લેપર હોમ બંધાઈ રહેવા આવ્યું છે તે બતાવ્યું.

"પાછો દાહોદમાં તા. ૧૫મી એ ૯૯॥ કે ૧૦૦॥ તાવ સાંજે આવ્યો. ત્યારપછી ચાર દિવસનો સખત પ્રોગ્રામ વાંસવાડા તથા ડુંગરપુર રાજ્યમાં મોટરબસથી આશરે ૨૫૦ માઈલનો હતો, તે કર્યા વિના ચાલે તેમ નહોતું તેથી દાક્તરે આપેલી દવા ભેગી રાખી રસ્તામાં પીતો ગયો ને તે ચાર દિવસનો પ્રોગ્રામ સારી રીતે પસાર થયો.

"અહીં આવ્યા બાદ છેલ્લા ત્રણ દિવસથી રાતમાં એક કે બે બજે ઊંઘ ઊડી જાય છે. પછી પથારીમાં પડયો રહું છું પણ ઊંઘથી આરામ મળે તે મળતો નથી. બપોરે ઓફિસનું કામ, ૧૧ થી ૫, હોય તેથી ઉંઘાતું નથી. કદાચ થોડો ઝીણો તાવ ૯૯॥ સુધી રહેતો હોય, એવી શંકા જાય છે.

"વળી ૧૧ થી ૫ લાગલાગટ ઓફિસમાં ખુરસી પર બેસવાથી, પાંચ વાગ્યા બાદ એમ લાગે છે કે જાણે પગે રસ કેમ ન ઊતર્યો હોય—થોડું હરવા ફરવાથી મટી જાય છે, પણ Elephantaisis (હાથીપગું) થવાની બીક લાગે છે.

"આ બધું તમને ભાઈ તરીકે નહિ પણ દાક્તર તરીકે સલાહ આપો માટે લખ્યું છે. રોજનું કામ નિયમિત તો થાય છે, કર્યા કરું છું."

[દિલ્હી : તા. ૨૭-૩-૩૭ : ડૉ. ઠક્કર પર પત્ર]

સેવકની શોભા

• **લો**કસેવાના ચાલુ ચોકઠામાં ગોઠવાઈ જનારા અનેક છે, પણ લોકસેવા એ એક સુરાપાન સમી વસ્તુ છે. એ આદમીને હુંપદમાં બહેકાવી મૂકે છે. સેવાની નાની શી પ્રવૃત્તિ પણ જ્યાં પ્રસિદ્ધિનો મહિમા પામતી હોય, તેવા આ જમાનામાં લોકસેવક પોતાની સેવા તેમ જ શક્તિ વિષે અત્યુક્તિભર્યા ભ્રામક ખ્યાલોનો ભોગ સહેલાઈથી બને છે. પણ બાપાએ પોતાની પગદંડી એક પણ ક્ષણે ચાતરી નથી, તેનું કારણ તેમની પ્રભુપરાયણતા ને શ્રદ્ધા ઉપરાંત તેમની પ્રમાણબુદ્ધિ. સ્વજનોને એ કાગળમાં લખે છે કે—

"અખિલ ભારતમાં ઓળખાયેલ 'ઠક્કર બાપા' હું થયો, તેથી તમ જેવા વડીલો રાજી થાય તેમાં નવાઈ નથી. કુટુંબને માટે આ મીરેકલ તો ન ગણાય. ગોખલેજીની સોસાયટી જેવી સંસ્થાના આ પ્રતાપ છે. માણસ પોતાની બુદ્ધિ કે હોશિયારીથી નહિ પણ જે ઓર્ગેનીઝેશનની છાયામાં રહી કામ કરે તેનાથી જ દીપે છે. દેવના પૂજારી દેવને નામે ઓળખાય. ને દાસભાઈનું કહેવું સાચું છે કે જ્યાં જીવાત્માના વિકાસ માટે અનુકૂળ સંયોગો હોય ત્યાં જ જીવાત્મા આકર્ષાઈ આવે."

(મુંબઇ : તા. ૨૬-૬-૩૬ મોટાભાઇ શ્રી. પરમાણંદદાસ ઠક્કર પરનો પત્ર)

વ્યવહારમાં અણચૂક

• **ત્યાગ**નો માર્ગ અન્ય અનેક પ્રલોભનોથી ભર્યો હોવાને કારણે ભયાનક તો છે જ, પણ એની વધુમાં વધુ ભયાનકતાનું એક કારણ તો એ છે કે ત્યાગી અને લોકસેવક પોતાની દુનિયાને જુદી, નિરાળી, અતડી બનાવી લે છે. ઠક્કર બાપાનો સંસારત્યાગ એમાંથી મુક્ત છે અને એ સર્વત્યાગી સાધુ વ્યવહારના સુન્દર સ્વરૂપને ભૂલ્યા નથી. પોતાના મંત્રીને ઊંટની સવારી કરતે કરતે પણ નોંધ લખવા ફરજ પાડનાર, રાતના બે વાગે પણ યાદ આવતાં મંત્રીને ભરઊંઘમાંથી જગાડી કાગળ લખવા બેસાડનાર અને ઓરિસાના રાહતકાર્ય વખતે એક ગ્રામવાસી કાર્યકરનું સર્પદંશથી મૃત્યુ થયાને વળતે જ દિવસે બીજા

કાર્યકરને એ જગ્યાએ જવામાં બીતો જોઈ ધમકાવી નાખનાર કઠોર ઠક્કર બાપાનો આંતરિક સંસારી ભાવ તો આર્દ્રતાનો સાગર છે, અને એમનો સંસારવ્યવહાર સેવા-વ્યવહારના જેટલો જ સૂક્ષ્મપણે કોમળ છે. ત્યાં પણ વિગતોને એ વિસરતા નથી. એ બતાવવા થોડાક કાગળો નીચે ઉતારીએ :

"છાપાંમાં વાંચ્યું કે ભાવનગર રેલ્વેવાળા નગીનદાસ પારેખ ગુજરી ગયા–તે આપણા જાણીતા નગીનભાઈ, માજી સ્ટેશન માસ્તર (ભાવનગર) તે જ કે શું? છેલ્લો જ્યારે ભાવનગરથી હું અમદાવાદ જતો હતો ત્યારે મારી બહુ સંભાળ રાખેલી. તે જ જો હોય તો, મરનારના દીકરાનું નામ તથા સરનામું લખી જણાવશો, જેથી તેને પત્ર લખું."

[દિલ્હી, તા. ૧૪–૮–'૩૭, ડૉ. ઠક્કર પરનો પત્ર]

- **"આ** લખતાં લખતાં ભુરા ઠક્કરની તરબૂચની રેંકડી–પઠાણ એનક્રોચમેન્ટવાળા ઉઠાવી ગયા તે–યાદ આવ્યા વિના રહેતી નથી. તમારી સામેની હવેલી પાસેથી જ કે શું?"

[તા. ૩–૯–'૩૯ના ડૉ. ઠક્કર પરના પત્રમાંથી]

- **"મોટા**ભાઈએ મોકલેલ 'લેબરર્સ'નું નાનકડું કાવ્ય બહુ સારું હતું. તેની નકલો ટાઇપ કરાવી ૩–૪ ભાઈઓને આપ્યું. તેમને બહુ ગમ્યું.

"ઉર્દૂ કવિઓની ગઝલો, હિન્દી લિપિમાં દિલ્હીથી મોકલવા તમે લખ્યું + + + તપાસ કરીને મોકલીશ."

[તા. ૨૬–૬–'૩૯નો પત્ર]

આરામ ન ખપે!

- **આવા** રસિક ઠક્કર બાપા, વિનોદી અને મર્મપ્રેમી છે. કોથળા જેવાં ખાદીકપડાં પહેરતા છતાં શુષ્ક વૈરાગી નથી. શરીરના ધર્મો એમણે સાચવ્યા છતાં આ ન ખાવું ને તે ન ખાવું એવું વેદિયાપણું એમણે પોતાના કાર્યક્ષેત્રનાં લોકો પર બોજા રૂપ બનાવ્યું નથી. જે રામરોટી જડી તે ખાઈને દેહધર્મ બજાવે છે. ક્યાંઈ પણ જાય, કોઈને નડતરરૂપ બને એવી મહેમાનદારી માગતા નથી. ઠક્કરબાપા જેને ઘેરે આવ્યા, તેને ઘેર જાણે બાળક રમવા આવ્યું! એના વદન પર કદી વિષાદ હોતો નથી. એની વાતોમાં કદી આવેશીલા ઉદ્દગારો કે આહભર્યા નિઃશ્વાસો હોતા નથી. વેદનાનો જીવન–થાળ એના હૈયામાં હજમ થયો છે. પ્રત્યેક પ્રભાતે એમના કંઠમાંથી પ્રાચીન ભજનો પૂરા સ્વસ્થ સ્વરે ગુંજે છે.

પરંતુ દુર્ભાગ્ય છે આ દેશનું કે જ્યાં એકનું સ્થાન પૂરનાર બીજા જવલ્લે જ જડે છે; એટલે પછી સેવાજીવન પણ માનવીનું કારાગાર બની જાય છે. ઠક્કરબાપાનો એ અવગુણ છે કે સદ્દગુણ, તેની ચર્ચા અસ્થાને છે. વસ્તુસ્થિતિ જ આ દેશમાં એટલી કારમી છે કે આજે ૭૦ વર્ષનું, અંદરથી ભુક્કા થઈ ગયેલું એ શરીર આરામ લેવામાં પણ પાપ સમજીને લખે છે કે "આરામ લેવા ભાવનગર આવવા જરા પણ વિચાર થતો નથી. on duty–સેવાક્ષેત્રમાં જ રહેવાનું મન થાય છે. તથા ક્યાંઈ જવાની ઈચ્છા થતી નથી."

[તા. ૩–૧–૩૯નો પત્ર]

બાપાના એવા ધગધગાટને શમાવવા ખુદ ગાંધીજી પણ અશક્ત છે. આપણી રંક શક્તિ તો ફક્ત પ્રાર્થના જ કરી શકે કે—

ઈશ્વર ઠક્કર બાપાને સો વર્ષના કરો!

ઠક્કર બાપાના ગુરૂઓ



પિતા : સ્વ. વિઠ્ઠલદાસ ઠક્કર



કર્વે દાદા



કો' નવ કહેજો !

દમ દમ કર્મે મચી રહેતાં,
ઉછળે ઉરમાં ધબકાર;
ભલી એ એની વિશ્રાંતિ,
એ સુખ, જીવનઆધાર.
એ પડે, લડથડે, છતાં ઉઠી ફરી ચડે યુદ્ધ અવિરામ,
એ સુભટ કાજ કો' નવ કહેજો; 'પ્રભુ દે એને વિશ્રામ !'

∴

વનવનનાં વદન હસવતી
કો સરિતા ચાલી જાય,
દુર્ગંધ જગતની વહતી
સાગરમાં શાંત સમાય;
સાચા જગસેવકનું જીવન ત્યમ પામે મૌનવિરામ,
એ સુભગ કાજ કો' નવ કહેજો: 'પ્રભુ દે એને વિશ્રામ!'

['યુગવંદના'માંથી]